# ગુજરાત જાહેર સેવા આયોગ

## અગત્યની જાહેરાત

### ૧૦% આર્થિક અનામત સંદર્ભે મોકૂફ થતી પ્રાથમિક કસોટીઓ બાબત

ગુજરાત સરકાર દ્વારા રાજયની તમામ સેવાઓની ભરતી પ્રક્રિયામાં ૧૦% આર્થિક અનામતનો તારીખ ૧૪.૦૧.૨૦૧૯ થી અમલ કરવાનો નિર્ણય થયેલ છે. જેનાં સંદર્ભમાં, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા પ્રસિધ્ધ થયેલ જે જાહેરાતો અન્વયે ભરતી પ્રક્રિયા હાલ શરૂ થયેલ નથી એટલેકે પ્રાથમિક કસોટી લેવાયેલ નથી અને જેની પ્રાથમિક કસોટીઓ તારીખ ૨૦-૦૧-૨૦૧૯ થી ૩૧-૦૩-૨૦૧૯ ની વચ્ચે છે, તેવી જાહેરાતોની તમામ પ્રાથમિક કસોટીઓ હાલ પૂરતી મુલત્વી/મોકૂફ રાખવામાં આવે છે.

આયોગનો પ્રયત્ન રહેશે કે, એપ્રીલ-૨૦૧૯ પછીની નિર્ધારિત પ્રાથમિક કસોટીઓ યથાવત લેવાય, જે ૧૦% આર્થિક અનામતનાં પ્રમાણપત્રો મેળવવાની પ્રક્રિયા અને રાજય સરકારની અન્ય માર્ગદર્શક સૂચનાઓ પર નિર્ભર રહેશે.

જાન્યુઆરી, ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૧૯માં નિર્ધારિત પરીક્ષાઓ, કે જે હાલ મોકૂફ રાખવામાં આવેલ છે, તેનો પરીક્ષા કાર્યક્રમ આયોગ યોગ્ય સમયે જાહેર કરશે.

જે જાહેરાતોની ભરતી પ્રક્રિયા ૧૪/૦૧/૨૦૧૯ પહેલા શરૂ થઈ ચૂકી છે, એટલે કે પ્રાથમિક કસોટી યોજાઈ ગયેલ છે તે જાહેરાતોની ભરતી પ્રક્રિયા આયોગે જાહેર કરેલ પરીક્ષા કાર્યક્રમ મુજબ નિયમિત રીતે ચાલુ રહેશે.

આયોગ દ્વારા લેવાનાર નીચે દર્શાવ્યા મુજબની મુખ્ય લેખિત પરીક્ષાઓ તેઓનાં નિયત કાર્યક્રમ મુજબ લેવાશે.

| અનુ. ક્રમાંક | જગ્યાનું નામ અને વર્ગ | જાહેરાત ક્રમાંક અને વર્ષ | મુખ્ય પરીક્ષાની સૂચિત તારીખ |
|---|---|---|---|
| ૧ | ગુજરાત વહીવટી સેવા, વર્ગ-૧, ગુજરાત મુલ્કી સેવા વર્ગ-૧/૨ અને ગુજરાત નગરપાલિકા મુખ્ય અધિકારી વર્ગ-૨ (મુખ્ય પરીક્ષા) | ૪૦/૧૮-૧૯ | મુખ્ય પરીક્ષા ૧૭, ૨૪ ફેબ્રુ-૧૯ અને ૩ માર્ચ-૧૯ |
| ૨ | નાયબ સેક્શન અધિકારી/નાયબ મામલતદાર, વર્ગ-૩ (મુખ્ય પરીક્ષા) | ૫૫/૧૮-૧૯ | મુખ્ય પરીક્ષા ૧૮, ૧૯ મે-૧૯ |
| ૩ | નગરપાલિકા મુખ્ય અધિકારી, વર્ગ-૩ (મુખ્ય પરીક્ષા) | ૭૫/૧૮-૧૯ | મુખ્ય પરીક્ષા ૧૩, ૧૪ જુલાઈ-૧૯ |